# હાઈકોર્ટ ઓફ ગુજરાત

## સોલા, અમદાવાદ–૩૮૦૦૬૦

વેબ સાઇટ્સઃ **https://hc-ojas.guj.nic.in** તથા **www.gujarathighcourt.nic.in**

## જાહેરાત ક્રમાંકઃ આર.સી./૧૪૩૪/૨૦૧૭ (૪)

## ગુજરાત રાજ્યની નીચલી અદાલતોમાં 'ડ્રાઈવર'ની ભરતી

| ઓનલાઈન અરજી કરવાનો સમયગાળો | | |
|---|---|---|
| ઓનલાઈન અરજી કરવાની શરૂ થતી તારીખ અને સમય | તા.૨૬/૦૨/૨૦૧૮ | બપોરે ૧૨.૦૦ કલાકથી |
| ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ અને સમય | તા. ૧૫/૦૩/૨૦૧૮ | રાત્રીના ૨૩.૫૯ કલાક સુધી |

| યોજાનાર પરીક્ષાનો સંભવિત કાર્યક્રમ (**<u>નોંધઃ</u>** અનિવાર્ય સંજોગોના કિસ્સામાં નીચેના કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા ફેરફાર કરી શકાશે) | |
|---|---|
| હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા | તા.૨૯/૦૪/૨૦૧૮ |
| ડ્રાઈવીંગ ટેસ્ટ | જૂન–૨૦૧૮ |

**નોંધઃ** ઓનલાઈન અરજી કરવાના છેલ્લા બે–ત્રણ દિવસમાં મોટાભાગના ઉમેદવારો અરજી કરતા હોઇ, સર્વર ઉપર ભારણ વધવાના કારણે તેમજ ઉમેદવારોની પોતાની ટેકનીકલ ભૂલના કારણે ઘણા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકતા નથી. આથી તમામ ઉમેદવારોએ છેલ્લા દિવસોમાં અરજી ન કરતા, **સમયસર ઓનલાઈન અરજી કરવી હિતાવહ છે**.

**ઓનલાઈન અરજી તેમજ કોલ લેટર ડાઉનલોડ કરવા માટેની વેબસાઈટ**

**https://hc-ojas.guj.nic.in**

ઓનલાઈન અરજી ઉપરાંત ભરતી પ્રક્રિયાને સબંધિત તમામ પ્રકારની માહિતી જેવી કે ઉમેદવાર માટેની સૂચનાઓ, કોલલેટર ડાઉનલોડ કરવા સબંધિત સૂચના, નોટીસ, પરીક્ષાના કાર્યક્રમ, પરિણામ, પસંદગી યાદી વિગેરે માટે ઉમેદવારે હાઈકોર્ટ ખાતે ફોન ન કરતા, નીચે મુજબની વેબસાઈટ સમયાંતરે જોતા રહેવુ.

**https**://hc-ojas.guj.nic.in તથા **www.gujarathighcourt.nic.in**

ગુજરાત હાઈકોર્ટ દ્વારા ગુજરાત રાજ્યની નીચલી અદાલતો હસ્તકની 'ડ્રાઈવર'ની કુલ-૨૪ જગ્યાઓ સ્પર્ધાત્મક પરીક્ષાના માધ્યમથી સીધી ભરતીથી ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી 'ઓનલાઈન અરજીઓ' મંગાવવામાં આવે છે, જેની વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ

## ૧. (ક) કક્ષા/કેટેગરી જગ્યાની સંખ્યાઃ

| કક્ષા/કેટેગરી | | | | કુલ જગ્યા |
|---|---|---|---|---|
| સામાન્ય | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સા.શૈ.પ.વર્ગ | |
| ૨૧ | ૧ | ૧ | ૧ | ૨૪ |

(૧) **ડ્રાઈવરની ફરજ/કામગીરીનો પ્રકાર જોતા 'અશક્ત' ઉમેદવારો અરજી કરી શકશે નહીં.**

(૨) જિલ્લાદીઠ જુદા-જુદા સંવર્ગમાં ખાલી જગ્યાની સંખ્યા દર્શાવતુ પત્રક **એનેક્ષર-'એ'** આ સાથે પાના નં.૨૧ ઉપર સામેલ છે.

(૩) ઉપરોક્ત જગ્યાની નિયત **સંખ્યામાં ફેરફાર કરવાનો** અબાધિત અધિકાર નામદાર હાઈકોર્ટને રહેશે.

**(ખ) <u>પગાર ધોરણ (૭ મા પગારપંચ પ્રમાણે)</u> :- રૂ.૧૯,૯૦૦-૬૩,૨૦૦/-**

## ૨. અનામતઃ

**(ક)** અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિકના કિસ્સામાં અનામત અંગે સરકારના પ્રવર્તમાન નિયમો/હુકમો/જોગવાઈઓ/ નીતિઓ લાગુ પડશે.

**(ખ)** ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ અનુસુચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે.

## ૩. યોગ્યતા/લાયકાત અંગેના ધોરણોઃ

**(ક) જરૂરી લાયકાતઃ** (ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તા.**૧૫/૦૩/૨૦૧૮** ના રોજ)

(૧) સરકાર માન્ય બોર્ડમાંથી ધોરણ–૧૨ કે તેને સમકક્ષ સરકાર માન્ય પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ.

(૨) ઉમેદવાર જે તે સમયે ૩ વર્ષ જુનુ માન્ય **લાઇટ અને/અથવા હેવી મોટર ડ્રાઇવીંગ લાઇસન્સ** ધરાવતા હોવા જોઇએ.

(૩) ઉમેદવાર સરકારી/ખાનગી સંસ્થા કે વ્યક્તિગત ડ્રાઇવીંગનો અંદાજે ૫ વર્ષનો અનુભવ ધરાવતા હોવા જોઇએ.

(૪) ઉમેદવાર વાહન વ્યવહારને લગતી નિશાનીઓ, ઇશારા (ટ્રાફીક સાઇન, ટ્રાફીક સિગ્નલ, હાથના ઇશારા) તેમજ વાહનની જાળવણી, સારસંભાળ અને મરામત વિગેરેને લગતુ પાયાનુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.

(૫) જે ઉમેદવાર વાહનની મરામત અને મીકેનીઝમ અંગેની આવડત ધરાવતા હશે તે ઉમેદવારને અગ્રતા આપવામાં આવશે.

(૬) પુરુષ ઉમેદવાર ૧૬૨ સે.મી. ઉંચાઇ ધરાવતા હોવા જોઇએ.(અનુ.જનજાતિના ઉમેદવારો ૧૫૮ સે.મી. ઉંચાઇ ધરાવતા હોવા જોઇએ) તથા ઉમેદવાર ૫ સે.મી. છાતી ફુલાવ્યા બાદ ૮૪ સે.મી. થી ઓછી છાતી ધરાવતા ન હોવા જોઇએ.

(૭) સ્ત્રી ઉમેદવાર ૧૫૮ સે.મી. ઉંચાઇ ધરાવતી હોવી જોઇએ.
(અનુ.જનજાતિની સ્ત્રી ઉમેદવાર ૧૫૫ સે.મી. ઉંચાઇ ધરાવતી હોવી જોઇએ).

(૮) ઉમેદવાર ચશ્મા સહિત કે ચશ્મા રહિત એકંદરે સ્પષ્ટ અને તંદુરસ્ત દ્રષ્ટી ધરાવતા હોવા જોઇએ તથા ઉમેદવારને રતાંધણાપણા/રંગઅંધત્વની ખામી ન હોવી જોઇએ.

(૯) ઉમેદવાર ત્રાંસી નજર, ઝામર અને/અથવા એક જ આંખ (એક જ આંખ કાર્યરત) ધરાવતા ન હોવા જોઇએ.

(૧૦) ઉમેદવાર સરકાર દ્વારા નિયત કર્યાનુસાર કોમ્પ્યુટર અંગેનુ જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.
(ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩–૮–૨૦૦૮ ના ઠરાવ મુજબ)

(૧૧) ઉમેદવારને **અંગ્રેજી, ગુજરાતી અને હિન્દી ભાષાનુ પુરતુ જ્ઞાન** હોવુ જોઇએ.

(ખ) **વયમર્યાદા:**– (ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તા. **૧૫/૦૩/૨૦૧૮** ના રોજ)

| ન્યુનતમ વયમર્યાદા | મહત્તમ વયમર્યાદા |
|---|---|
| ૨૩ વર્ષથી ઓછી ન હોવી જોઇએ | ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. |

(ગ) **વયમર્યાદામાં છૂટછાટ:**–

(૧) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો, મહિલા અને માજી સૈનિક ઉમેદવારોને સરકારના પ્રવર્તમાન નિયમો / હુકમો / જોગવાઇઓ / નીતિઓ અનુસાર નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે.

| કક્ષા/કેટેગરી | છુટછાટ | માજી સૈનિક | રાજ્ય સરકારના કર્મચારીઓ માટે |
|---|---|---|---|
| સામાન્ય | – | લશ્કરમાં બજાવેલ સેવા ઉપરાંત ૩ વર્ષ | રાજ્ય સરકારના કર્મચારીઓને નીચે (ગ) (૨) માં સૂચવ્યાનુસાર છૂટછાટ મળવાપાત્ર રહેશે. |
| મહિલા ઉમેદવારો | ૫ વર્ષ | | |
| અનુસૂચિત જાતિ | ૫ વર્ષ | | |
| અનુસૂચિત જનજાતિ | ૫ વર્ષ | | |
| સામાજિક અને શૈક્ષણિક રીત પછાત વર્ગ | ૫ વર્ષ | | |

(૨) રાજ્ય સરકારના કર્મચારીઓને ઉપલી વયમર્યાદામાં નીચે મુજબ છૂટછાટ મળવાપાત્ર રહેશે:

**"અનામત તેમજ બિનઅનામત બન્ને વર્ગના ઉમેદવારોને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ૫ વર્ષ અથવા નોકરીનો ખરેખર પૂરો કરેલ સમયગાળો બન્નેમાંથી જે ઓછુ હોય તેટલા સમયગાળાની છૂટછાટ ઉપલી વયમર્યાદામાં આપવામાં આવશે."**

**દા.ત.** કોઇ ઉમેદવારે નોકરીમાં ૪ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં ૪ વર્ષની છૂટછાટ આપવામાં આવશે. પરંતુ જો કોઇ ઉમેદવારે નોકરીમાં ૬ વર્ષ પુરા કરેલ હોય તો તેને લાગુ પડતી ઉપલી વયમર્યાદામાં મહત્તમ ૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે, એટલે કે વધુમાં વધુ ૫ વર્ષની છુટછાટ આપવામાં આવશે.

**<u>નોંધઃ</u> ઉંમરમાં છૂટછાટ મેળવવા માટે લાગુ પડતી તમામ પ્રકારની છૂટછાટનોલાભ મેળવ્યા બાદ, ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તા.૧૫/૦૩/૨૦૧૮ ના રોજ કોઇપણ ઉમેદવારની વય/ઉંમર ૪૫ વર્ષથી વધુ હોવી ન જોઇએ.**

## ૪. ફી અને ફી ભરવાની રીતઃ

(ક) **ફીઃ–** ઉમેદવારે નીચે મુજબ ફી ચૂકવવાની રહેશે.

| સામાન્ય | અ.જા./અ.જ.જા./સા. અને શૈ.પ. વર્ગ/માજી સૈનિક ઉમેદવારો માટે | ફી ભરવાનો સમયગાળો |
|---|---|---|
| રૂા.૩૦૦/– <br> + <br> બેંક ચાર્જીસ | રૂા.૧૫૦/– <br> + <br> બેંક ચાર્જીસ | તા.૨૬/૦૨/૨૦૧૮ <br> થી <br> તા. ૧૫/૦૩/૨૦૧૮ દરમિયાન |

### (ખ) ફી ભરવાની રીતઃ–

(૧) ઉમેદવારે **HC–OJAS** પોર્ટલ પર ઉપલબ્ધ '**પ્રિન્ટ એપ્લીકેશન/પે–ફી**' મેનુ બટન દ્વારા '**SBI e–pay**' થી ફી ભરવાની રહેશે. ઉમેદવારે ત્યાં આપેલ '**Instruction/Help**' ને ધ્યાનપૂર્વક વાંચી અને સમજી લેવી. ફી બે ઓપ્શન દ્વારા ભરી શકાશે. (૧) ઓનલાઇન પેમેન્ટ મોડ, (૨) ઓફ લાઇન પેમેન્ટ મોડ ('**SBI e–pay**' દ્વારા કેશ ચલણ ઓનલાઇન જનરેટ થશે)

**(અ) ઓનલાઇન પેમેન્ટ મોડઃ**

'**SBI e–pay**' દ્વારા નેટ બેન્કીંગ, ક્રેડીટકાર્ડ, ડેબીટકાર્ડ, મોબાઇલ બેન્કીંગના માધ્યમથી ઓનલાઇન ફી ભરી શકાશે.

ઓનલાઇન પેમેન્ટ મોડથી ફી ભર્યા બાદ ઇ–રીસીપ્ટ મેળવી લેવાની રહેશે. જે પરીક્ષા સમયે ઉમેદવારે રજુ કરવાની રહેશે. જો કોઇ કારણોસર ટ્રાન્જેક્શન/પેમેન્ટ નિષ્ફળ થાય તો તે ત્યાં આપેલ '**Instruction/Help**' નુ પાલન કરો.

**<u>નોંધ :</u>** *ઇ–રીસીપ્ટ જે તે સમયે જ જનરેટ થતી હોવાથી તેની હાર્ડ કોપી અને સોફ્ટ કોપી સાચવીને રાખવી ત્યારબાદ ફરીથી મેળવી શકાશે નહી, તેની ખાસ નોંધ લેવી.*

**(બ) ઓફ લાઇન પેમેન્ટ મોડઃ**

જો ઉમેદવારે '**કેશ ચલણ (ઓફ લાઇન)**' ઓપ્શન સીલેક્ટ કરેલ હોય તો, 'કેશ ચલણ' પ્રિન્ટ કરી, ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય સુધીમાં **SBI** ની કોઇપણ બ્રાન્ચમાં જરૂરી ફી ભરવાની રહેશે.

ચલણની એક કોપી બેંક લઇ લેશે અને બીજી કોપી ઉમેદવારને પરત કરશે જે ઉમેદવારે પરીક્ષા સમયે રજૂ કરવાની રહેશે.

**નોંધઃ ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય પછી જરૂરી ફી ભરી શકાશે નહીં.**

(૨) ઉમેદવારે ઇ–રીસીપ્ટ કે કેશ ચલણની કોપી ભરતી પ્રક્રીયા પૂર્ણ થાય ત્યાં સુધી સાચવીને રાખવી.

(૩) ઉમેદવારે કન્ફર્મ કરેલ 'ઓનલાઇન એપ્લીકેશન' ફક્ત ત્યારે જ માન્ય ગણાશે કે જ્યારે ઉમેદવારે નિયત સમયગાળા દરમિયાન '**SBI e–pay**' દ્વારા જરૂરી ફી ભરેલ હશે.

(૪) જે ઉમેદવારે નિયત સમયમર્યાદામાં ઓનલાઇન મોડ દ્વારા તા.૨૬/૦૨/૨૦૧૮ થી તા.૧૫/૦૩/૨૦૧૮ તથા ઓફ લાઇન મોડ દ્વારા ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ સુધીમાં યોગ્ય ફી ભરેલ હશે તે ઉમેદવારની અરજીને જ માન્ય ગણવામાં આવશે.

(૫) આ સિવાય અન્ય કોઇ માધ્યમ કે અન્ય બેંકમાં ભરેલ ફી ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં અને જે તે ફી પરત પણ કરવામાં આવશે નહીં તેમજ અન્ય કોઇ જગ્યા માટે ભરેલ ફી તરીકે પણ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

(૬) એક વખત ફી ભર્યા બાદ કોઇપણ સંજોગોમાં તે પરત કરવામાં આવશે નહીં. તેમજ અન્ય ભરતી પ્રક્રિયા માટે બદલી આપવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી. તેથી ઉમેદવારે સૌપ્રથમ વિગતવાર જાહેરાતનો અભ્યાસ કરી લેવો અને જો ઉમેદવાર યોગ્યતા ધરાવતા હોય તો જ ઉમેદવારે સૂચવ્યાનુસાર ફી ભરવી.

## ૫. નિમણુંક માટેની અયોગ્યતાઃ

નીચે મુજબની વ્યકિત નિમણુંક માટે અયોગ્ય ગણાશેઃ

(૧) ભારતીય **નાગરિકત્વ** ધરાવતી ન હોય તે વ્યક્તિ,

(૨) સ્થાનિક કે વૈધાનિક/કાનુની સત્તામંડળ અથવા કોઈપણ હાઈકોર્ટ અથવા કેન્દ્રશાસિત પ્રદેશ કે કોઈપણ રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર દ્વારા **બરતરફ** કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૩) એવી વ્યકિત કે જેને નૈતિક અધમતા જેવા ગુના માટે **ગુનેગાર સાબિત કે જાહેર** કરવામાં આવેલ હોય અથવા જેને નામદાર હાઈકોર્ટ કે કેન્દ્રીય જાહેર સેવા આયોગ

(યુ.પી.એસ.સી) કે અન્ય ભરતી સત્તામંડળ કે પરીક્ષા આયોજીત કરતા કોઈપણ સત્તામંડળ દ્વારા પરીક્ષામાં બેસવા દેવામાંથી કે પસંદગી આપવામાંથી બાકાત રાખવામાં આવેલ હોય કે અયોગ્ય ઠરાવવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યક્તિ,

(૪) એવી કોઈપણ વ્યકિત કે જેને ભરતી સત્તામંડળને પોતાની ઉમેદવારીના સંદર્ભમાં **પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભલામણ-લાગવગ** કરેલ હોય,

(૫) એવો કોઈપણ **પુરુષ ઉમેદવાર** કે જે **એક કરતા વધારે જીવિત પત્નિ** ધરાવતો હોય અને એવી કોઈપણ **સ્ત્રી ઉમેદવાર** કે જેણે એવા **પુરુષ** સાથે લગ્ન કરેલ હોય કે જે **અન્ય પત્નિ** ધરાવતો હોય,

## ૬. સ્પર્ધાત્મક પરીક્ષાનું માળખુ :

| ક્રમાંક | પરીક્ષાની વિગત | ગુણભાર | સમયગાળો |
|---|---|---|---|
| (ક) | હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા | ૧૦૦ ગુણ | ૯૦ મિનિટ |
| (ખ) | ડ્રાઈવીંગ ટેસ્ટ | ૧૦૦ ગુણ | |

### (ક) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષાઃ(સંભવિત તા. ૨૯/૦૪/૨૦૧૮)

(૧) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા કુલ **૧૦૦ ગુણની** રહેશે.

(૨) પ્રશ્નપત્રની ભાષા **ગુજરાતી** રહેશે.

(૩) દરેક ખોટા ઉત્તરદીઠ અથવા એકથી વધારે ઉત્તર પસંદ કરવા બદલ **૦.૩૩ નકારાત્મક ગુણ** રહેશે.

(૪) પરીક્ષાનો સમયગાળો ૧ કલાક અને ૩૦ મિનિટ**(૯૦ મિનિટ)** નો રહેશે.

(૫) અભ્યાસક્રમ નીચે મુજબ રહેશે.

| અ.નં. | વિષય |
|---|---|
| ૧ | ગુજરાતી ભાષા |
| ૨ | સામાન્ય જ્ઞાન |
| ૩ | ગણિત |
| ૪ | રમતગમત |
| ૫ | રોજબરોજની ઘટનાઓ |
| ૬ | કોમ્પ્યુટરનુ પાયાનુ જ્ઞાન |
| ૭ | વાહન/મોટરનું પાયાનુ જ્ઞાન |
| ૮ | વાહન-વ્યવહારના નિયમો/ટ્રાફીક રૂલ્સ |

(૬) 'અનુ.જાતિ', 'અનુ.જનજાતિ' અને 'સા.શૈ.પ.વર્ગ' જેવી અનામત કક્ષા તેમજ માજી સૈનિક હેઠળ આવતા જે ઉમેદવારો હેતુલક્ષી પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષામાં

ઓછામાં ઓછા **૭૫ માર્કસ** મેળવશે, જ્યારે તે સિવાયના અન્ય ઉમેદવારો હેતુલક્ષી પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષામાં ઓછામાં ઓછા **૫૦ ગુણ** મેળવશે તેઓને જ ડ્રાઈવીંગ ટેસ્ટ માટે બોલાવવામાં આવશે.

(૭) જો હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં ખૂબ જ વધુ સંખ્યામાં ઉમેદવારો ઉત્તીર્ણ થશે તો, નામદાર હાઈકોર્ટ દ્વારા નિયત કરવામાં આવે તે પ્રમાણે મેરીટના આધારે મર્યાદિત સંખ્યામાં ઉમેદવારોને ભરતી પ્રક્રિયાના આગામી તબક્કા એટલે કે 'ડ્રાઈવીંગ ટેસ્ટ' માટે યોગ્ય/લાયક ગણવામાં આવશે.

(૮) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા અમદાવાદ ખાતે લેવી કે અન્ય જિલ્લા કક્ષાએ લેવી તે ઉમેદવારોની સંખ્યાને આધારે નક્કી કરવામાં આવશે.

(૯) હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં જવાબવહી/ઉત્તરવહી તરીકે 'ઓ.એમ.આર. શીટ' આપવામાં આવશે, જેનુ મૂલ્યાંકન ઓ.એમ.આર. શીટ રીડર મશીન દ્વારા સ્કેન કરીને કરવામાં આવે છે. જે સંપૂર્ણ પ્રક્રિયા કોમ્પ્યુટર આધારિત હોઈ, ઓ.એમ.આર. શીટ રીચેકીંગ/રીએસેસમેન્ટ/ઈન્સ્પેકશન અંગેની કોઈપણ પ્રકારની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં, જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.

## (ખ) ડ્રાઈવીંગ ટેસ્ટઃ (સંભવિત માસ **જૂન–૨૦૧૮**)

(૧) ડ્રાઈવીંગ ટેસ્ટ **કુલ ૧૦૦ ગુણ**ની રહેશે.

(૨) ડ્રાઈવીંગ ટેસ્ટ હાઈકોર્ટે નક્કી કરેલ ધારા–ધોરણ મુજબ લેવામાં આવશે.

જેમાં નીચે મુજબના મુદ્દા ધ્યાનમાં લેવામાં આવશે :

- Starting
- Forward Driving
- Turning
- Overtaking
- Reversing
- Parking
- Familiarity of Car Mechanics & Knowledge of Maintenance
- General, Manner & Attitude

(૩) ડ્રાઈવીંગ ટેસ્ટ **અમદાવાદ ખાતે** લેવામાં આવશે.

(૪) પસંદગી યાદીમાં સ્થાન મેળવવા માટે ડ્રાઈવીંગ ટેસ્ટમાં **ઉમેદવારોએ ઓછામાં ઓછા ૮૦ ટકા ગુણ** મેળવવાના રહેશે.

**(ગ) ઉમેદવારે ઉપર જણાવેલ વેબસાઇટ પરથી દરેક પરીક્ષાના એક સપ્તાહ અગાઉ કોલલેટર ડાઉનલોડ કરવાનો રહેશે.**

## ૭. પસંદગી યાદી અને કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદીઃ

(૧) **પસંદગી યાદી અને કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી ઉપર જણાવેલ હાઈકોર્ટ વેબસાઇટ** ઉપર મુકવામાં આવશે અથવા હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તેવા અન્ય કોઇ માધ્યમથી જાહેર કરવામાં આવશે.

(૨) પસંદગી યાદી, ઉમેદવારે હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષા તેમજ ડ્રાઈવીંગ ટેસ્ટ એમ બન્ને પરીક્ષામાં મેળવેલ કુલ ગુણને ધ્યાને લઈ, **મેરીટને આધારે** તૈયાર કરવામાં આવશે.

(૩) જે તે સબંધિત સંવર્ગમાં પ્રકાશિત થયેલ જગ્યા માટે મેરીટને આધારે **પસંદગી યાદી** તેમજ **કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી** તૈયાર કરવામાં આવશે.

(૪) ઉમેદવાર પરીક્ષામાં સફળ થવા અથવા પસંદગી યાદી/કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદીમાં સ્થાન મેળવવા માત્રથી જ નિમણૂંક મેળવવા હકદાર બનશે નહીં.

(૫) ભરતી નિયમોમાં ઠરાવ્યાનુસાર કુલ જગ્યાઓની સંખ્યાના **૧૦ ટકા**થી વધે નહીં તેટલી સંખ્યાની **કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી** તૈયાર કરવામાં આવશે. જેનો ઉપયોગ, મૂળ પસંદગી યાદીના લાગુ પડતા સમયગાળા દરમિયાન જો કોઈ **ઉમેદવાર સ્વૈચ્છિકપણે નિમણૂંક ન સ્વીકારે તેમજ કોઈ કારણસર પસંદગી પામેલ ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવે** તેવા સંજોગોમાં ખાલી પડનાર જગ્યાઓ સામે જ નિમણૂંક આપવા માટે કરવાનો રહેશે.

(૬) **પસંદગી યાદી અને કેન્દ્રીયકૃત પ્રતિક્ષા યાદી** રજૂ/પ્રકાશિત થયાથી **૧ વર્ષ** અથવા તો **કોઇ નવી યાદી રજૂ/પ્રકાશિત કરવામાં આવે તે સમય, આ બન્નેમાંથી જે વહેલા હશે/થશે ત્યાં સુધી જ અમલમાં** રહેશે.

(૭) જે ઉમેદવારનો પસંદગી યાદીમાં સમાવેશ થાય તેવા ઉમેદવારને તેની **કેટેગરી, મેરીટ, પસંદગીના જિલ્લા તેમજ ઉપલબ્ધ જગ્યાને** ધ્યાને રાખી નિમણૂંક આપવામાં આવશે.

(૮) જે તે જિલ્લામાં ઉપલબ્ધ જે તે કેટેગરીની જગ્યા મુજબ તૈયાર કરવામાં આવેલ **જિલ્લાવાર ઉમેદવારોની પસંદગી યાદી,** જે તે જિલ્લા/અદાલતના પ્રિન્સીપાલ જ્યુડીશીયલ ઓફિસરને મોકલવામાં આવશે. આવી યાદી મેરીટ, જે તે કેટેગરીની ઉપલબ્ધ જગ્યાઓ, ઉમેદવારની કેટેગરી અને તેના દ્વારા આપવામાં આવેલ જિલ્લાઓની પસંદગી ધ્યાને લઇ તૈયાર કરવામાં આવશે. મેરીટમાં ઉમેદવારના ક્રમના કારણે અથવા અન્ય કોઈ કારણોસર, જો ઉમેદવારને તેની પસંદગીના જિલ્લામાં નિમણૂંક આપવી શકય નહીં હોય, તો તેના પસંદગીના જિલ્લા સિવાયના અન્ય કોઇપણ જિલ્લામાં ફાળવણી કરવામાં આવશે, જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.

(૯) હાઈકોર્ટ સમિતિની ભલામણ/સૂચનાનુસાર, જે તે જિલ્લાના પ્રિન્સીપાલ જ્યુડીશીયલ ઓફિસર દ્વારા સબંધિત ઉમેદવારને **નિમણૂંકપત્ર** આપવામાં આવશે.

(૧૦) જો ઉમેદવાર આપવામાં આવેલ નિમણૂંક, નિયત શરતોને આધીન નિયત સમયમર્યાદામાં નિયમોનુસાર સ્વીકારવામાં નિષ્ફળ જશે, તો **ઉમેદવાર નિમણૂંકનો હક ગુમાવશે** અને ભવિષ્યમાં પણ પસંદગી યાદીને આધારે નિમણૂંક આપવા અંગેની વિચારણા કરવામાં આવશે નહીં અને હાઈકોર્ટ દ્વારા પસંદગી યાદી/કેન્દ્રીયકૃત પ્રતિક્ષાયાદી મુજબ અન્ય ઉમેદવારોને નિમણૂંક આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

## ૮. પસંદગીના જિલ્લા સબંધિતઃ

ઉમેદવારે ઓનલાઇન એપ્લીકેશન સમયે નિમણૂંક માટે કોઇપણ ત્રણ જિલ્લાની પસંદગી કરવાની રહેશે. એકવાર અરજી કન્ફર્મ થઇ ગયા બાદ, ઉમેદવારે પસંદ કરેલ ત્રણ જિલ્લા સબંધિત સુધારા અંગેની કોઇપણ પ્રકારની અરજીને કોઇપણ તબક્કે ધ્યાનમાં લેવામાં આવશે નહીં.

## ૯. અરજી કરવાની રીતઃ

(૧) ઉમેદવારે સૂચના મુજબ ઓનલાઇન અરજીમાં જરૂરી વિગતો ભરવી.

(૨) ઓનલાઇન અરજી કરતા પહેલા ઉમેદવારે સંપૂર્ણ અને વિગતવાર આ જાહેરાત વાંચી, સમજી ઉપર દર્શાવ્યા મુજબની યોગ્યતા ધરાવે છે કે કેમ? તેની ચકાસણી કરી લેવા સલાહસુચન આપવામાં આવે છે તથા ઉમેદવાર દ્વારા ઓનલાઇન અરજીમાં ભરેલ વિગતો સંપૂર્ણ સાચી હોવી જોઇએ. જો કોઇ ઉમેદવાર નિયત થયેલ યોગ્યતા અને ધોરણો પરિપૂર્ણ કરતો નહીં હોય અથવા કોઇ ઉમેદવારે પોતાની સામે થયેલ ફોજદારી ફરિયાદ સબંધિત મહત્વની હકીકતો પૂરતી આપેલ નહીં હોય અથવા ગુંચવણભરી આપેલ હોય અથવા છુપાવેલ હશે, તો તેવા કિસ્સામાં તે ઉમેદવારની ઉમેદવારી રદ કરવામાં આવશે. જો નિમણૂંક પછી પણ આ પ્રકારની ખામી ત્રૂટીઓ ધ્યાન પર આવશે, તો તે/તેણીની સેવાઓનો અંત તાત્કાલિક અસરથી લાવવામાં આવશે, તેમજ તેની સામે યોગ્ય પગલા લેવામાં આવશે.

(૩) યોગ્યતા ધરાવતા ઉમેદવારે **https://hc-ojas.guj.nic.in** ઉપર મુકેલ લીન્કના માધ્યમથી **તા.૨૬/૦૨/૨૦૧૮ રોજ બપોરે ૧૨.૦૦ કલાકથી તા.૧૫/૦૩/૨૦૧૮ ના રોજ રાત્રીના ૨૩.૫૯ કલાક દરમિયાન** અરજી કરવાની રહેશે  તથા નિયત ફી ભરવાની રહેશે.

(૪) ઉમેદવારે ઓનલાઇન અરજીમાં પોતાની પાસે જ રહેનાર ચાલુ/એક્ટીવ મોબાઇલ નંબર દર્શાવવાનો/આપવાનો રહેશે. જરૂર જણાયે ઓનલાઇન અરજીમાં દર્શાવવામાં આવેલ

રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર **SMS** દ્વારા પરીક્ષા સબંધિત તેમજ અન્ય સૂચનાઓ ઉમેદવારને મોકલવામાં આવશે. આથી તે મોબાઇલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કાર્યરત/એક્ટીવ રાખવાનો રહેશે, જે દરેક ઉમેદવાર માટે સલાહભર્યુ તેમજ હિતાવહ છે.

(૫) ઓનલાઈન અરજી કરતા પહેલા ઉમેદવારે ફોટો અને સહી નીચે જણાવેલ સાઇઝ/માપ મુજબ સ્કેન કરવાના રહેશે.

પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફની લંબાઇ/પહોળાઇ ૫ સે.મી. x ૩.૬ જેટલી અને સહીની લંબાઇ/પહોળાઇ ૨.૫ સે.મી. x ૭.૫ સે.મી. જેટલી હોવી જોઇએ. ફોટો અને સહીને અલગ-અલગ સ્કેન કરવી. સ્કેન કરેલ ફાઇલની સાઇઝ વધુમાં વધુ ૧૫ કે.બી. હોવી જોઇએ અને 'jpg' ફોર્મેટમાં જ સેવ કરવી.

(૬) **OJAS(ઓજસ) મોડ્યુલમાં ઓનલાઈન અરજી કરવાના સ્ટેપ :**

(ક) વિગતવાર જાહેરાતનો ઝીણવટપૂર્વક અભ્યાસ કર્યા બાદ, ઓનલાઈન એપ્લીકેશનમાં માંગવામાં આવેલ વિગતો સમજી તેમજ ચકાસી, ભૂલ રહિત ભરવી.

(ખ) 'Apply Online' બટન ઉપર ક્લીક કરી, ઓનલાઈન એપ્લીકેશન ફોર્મ ભરવુ.

(ગ) ઓનલાઈન એપ્લીકેશન ફોર્મના અંતે આપેલ 'SAVE' બટન ઉપર ક્લીક કરી ઓનલાઈન એપ્લીકેશનને સેવ કરો.

(ઘ) સેવ કર્યા બાદ, એક પોપ-અપ વિન્ડો ખુલશે. જેમાં તમારો 'એપ્લીકેશન નંબર' મળશે. જે ઉદાહરણરૂપે આ પ્રમાણેનો હશે. દા.ત.'HCG/201718/63/.......' જે નંબર નોંધી લેવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી પોતાની પાસે સાચવીને રાખવો. આ જ સ્ક્રીન પેજમાં "Show Application Preview" બટન ઉપર ક્લીક કરવાથી તમે ભરેલ તમામ વિગતો દેખાશે. જેની ખરાઇ કરી લો.

(ચ) ત્યારબાદ 'Upload Photograph' બટન દ્વારા સ્કેન કરેલ ફોટો અને સહી અપલોડ કરવા.

<u>**નોંધઃ**</u> **જે સહી સ્કેન કરીને ઓનલાઇન એપ્લીકેશનમાં અપલોડ કરવામાં આવશે તેવી જ સહી ઉમેદવારે સમગ્ર ભરતી પ્રક્રિયાના દરેક તબક્કે કરવાની રહેશે. જો સહીમાં ફેરફાર જણાશે, તો ઉમેદવારની ઉમેદવારી રદ કરવા યોગ્ય પગલા લેવામાં આવશે.**

(છ) જો કોઇ ભુલ રહી ગઇ હોય તો, તેને સુધારવા માટે 'Edit Application' બટન ઉપર ક્લીક કરી, જરૂરી વિગતો જેવી કે 'Application Number' અને 'Birth Date' ભર્યા બાદ, જે એપ્લીકેશન ફોર્મ ખુલે તેમાં સુધારા-વધારા કરી, ફરીથી સેવ કરવી.

(જ) જો તમામ વિગતો સાચી અને ભૂલરહિત જણાય તો 'Confirm Application' બટન ઉપર ક્લીક કરી, અરજીને Confirm/ કન્ફર્મ કરો.

<u>**નોંધઃ**</u> **ખાસ યાદ રાખો કે એકવાર કન્ફર્મ થઇ ગયેલ અરજી એટલે કે કન્ફર્મેશન નંબર આવી ગયા બાદ, અરજીમાં કોઇપણ સંજોગોમાં ફેરફાર થઇ શકશે નહીં અને તે ફાઇનલ અરજી ગણવામાં આવશે. આથી અરજી કન્ફર્મ કરતા પહેલા, પ્રિવ્યુનો ઉપયોગ કરી, તમામ વિગતો ચકાસી લેવી હિતાવહ અને સલાહભર્યુ છે.**

(ઝ) ત્યારબાદ Confirm Button ઉપર ક્લીક કરવાથી એક પોપ-અપ વિન્ડો ખુલશે, તેમાં તમારો Application No.(અરજી ક્રમાંક) અને Date of Birth (જન્મ તારીખ) લખ્યા બાદ, Confirm Application Button ઉપર ક્લીક કરો. ત્યારબાદ Confirmation No. દેખાશે, તે નોંધી લો અને સાચવીને રાખો. આ ઉપરાંત તમારા રજીસ્ટર્ડ મોબાઇલ નંબર ઉપર એક **SMS** પણ મળશે, જેમાં કન્ફર્મેશન નંબર હશે. આથી આ **SMS** ડિલીટ કરવો નહીં અને સાચવીને રાખવો.

(૮) ત્યારબાદ ઉમેદવારે 'Print Application/Pay Fee' ઉપર ક્લીક કરી જરૂરી ફી ભરવી. ત્યાં આપેલ 'Instruction/Help' ને ધ્યાનપૂર્વક વાંચી તેનુ પાલન કરવુ. 'Make Payment' ઉપર ક્લીક કરી યોગ્ય પેમેન્ટ મોડ સીલેક્ટ કરવું– **ઓનલાઇન પેમેન્ટ** (ક્રેડીટ કાર્ડ/ડેબીટ કાર્ડ/મોબાઇલ પેમેન્ટ/નેટ–બેન્કીંગ અથવા **કેશ(ઓફલાઇન)** (કેશ–ચલણ ઓનલાઇન જનરેટ/પ્રિન્ટ થશે.)

**નોંધઃ**

**(૧) ઓનલાઇન પેમેન્ટ મોડઃ**

'SBI e–Pay' દ્વારા નેટ બેન્કીંગ, ક્રેડીટકાર્ડ, ડેબીટકાર્ડ, મોબાઇલ બેન્કીંગના માધ્યમથી ઓનલાઇન ફી ભરી શકાશે.
**ઓનલાઇન પેમેન્ટ મોડથી ફી ભર્યા બાદ ઇ–રિસીપ્ટની પ્રિન્ટ મેળવી લેવાની રહેશે. જે પરીક્ષા સમયે ઉમેદવારે રજુ કરવાની રહેશે.**
જો કોઇ કારણોસર ટ્રાન્જેક્શન/પેમેન્ટ નિષ્ફળ થાય તો ત્યાં આપેલ 'Instructions/Help' નુ પાલન કરવુ.

**(૨) ઓફ લાઇન પેમેન્ટ મોડઃ**

જો ઉમેદવારે **'કેશ ચલણ(ઓફલાઇન)'** ઓપ્શન સિલેક્ટ કરેલ હોય તો, 'કેશ ચલણ' પ્રિન્ટ કરી, ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય સુધીમાં SBI ની કોઇપણ બ્રાન્ચમાં જરૂરી ફી ભરવાની રહેશે.
ચલણની એક કોપી બેંક લઇ લેશે અને બીજી કોપી ઉમેદવારને પરત કરશે, **જે ઉમેદવારે પરીક્ષા સમયે રજૂ કરવાની રહેશે.**
**નોંધઃ ચલણમાં દર્શાવેલ અંતિમ તારીખ અને સમય પછી જરૂરી ફી ભરી શકાશે નહીં.**

(૯) છેલ્લે Print Application ઉપર ક્લીક કરી, અરજીની બે પ્રિન્ટ મેળવી લેવી. જે ઉમેદવારે પોતાની પાસે જ રાખવાની રહેશે અને તે હાલ હાઇકોર્ટને મોકલવાની રહેશે નહીં. પરંતુ જ્યારે ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવે ત્યારે એક નકલ સાથે લઇને આવવાની રહેશે. ઓનલાઇન અરજી કરવાની છેલ્લી તારીખ બાદ તેને પ્રિન્ટ કરી શકાશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

**નોંધઃ** કન્ફર્મેશન નંબર ભુલાઇ ગયેલ હોય તો અરજીનો નંબર/મોબાઇલ નંબર અને જન્મ તારીખના આધારે **https://hc–ojas.guj.nic.in**

ઉપર ઉપલબ્ધ 'Candidate Assistance–Search Details' ના માધ્યમથી મેળવી શકશે.

(ડ) ઉમેદવારે કોઈપણ સંજોગોમાં **એકથી વધારે** ઓનલાઈન અરજી કરવી નહીં.

(ઢ) ઉપર જણાવેલ રીત મુજબ જ ઉમેદવારે ઓનલાઈન અરજી કરવાની રહેશે તથા અન્ય કોઈપણ રીતે/માધ્યમથી કરેલ કોઈપણ અરજી તથા અધૂરી અરજીઓને ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં.

## ૧૦. સામાન્ય સૂચનાઓ:

(૧) ઉમેદવારે સામાન્ય પૂછપરછ માટે ફોન દ્વારા અથવા રૂબરૂ હાઈકોર્ટનો સંપર્ક કરવો નહીં. તેમણે હાઈકોર્ટની વેબસાઈટ તથા SMS ચેક કરતા રહેવુ. સામાન્ય પૂછપરછ માટે ઉમેદવારે જે તે જિલ્લાની ડીસ્ટ્રીક્ટ કોર્ટ રજીસ્ટ્રીનો સંપર્ક સાધવો.

(૨) ઉમેદવારે **નિમણૂંક માટે** તેના **પસંદગીના** ત્રણ **જિલ્લા,** ઉતરતા ક્રમમાં જણાવવાના રહેશે**, જે એક વખત નક્કી કર્યા બાદ કોઈપણ સંજોગોમાં ફેરફાર/બદલી શકાશે નહીં.**

*ઉમેદવારને તેના મેરિટ, કેટેગરી, ઉપલબ્ધ જગ્યા તથા તેની પસંદગીના જિલ્લાઓને ધ્યાનમાં રાખી નિમણૂંક આપવામાં આવશે. પરંતુ મેરીટમાં ઉમેદવારના ક્રમના કારણે અથવા અન્ય કોઈ કારણોસર, જો ઉમેદવારને તેની પસંદગીના જિલ્લામાં નિમણૂંક આપવી શક્ય નહીં હોય, તો તેના પસંદગીના જિલ્લા સિવાયના અન્ય કોઈપણ જિલ્લામાં નિમણૂંક આપવામાં આવશે, જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.*

(૩) ઉપલી વયમર્યાદા/ફી માં છૂટછાટ અથવા અનામત જગ્યા માટે અનામત વર્ગના ઉમેદવારો એટલે કે **SC/ST/SEBC/Ex–Servicemen** ઉમેદવારોને લાગુ પડતા પ્રમાણપત્રો હાઈકોર્ટ મંગાવે ત્યારે 'ડોક્યુમેન્ટ વેરીફિકેશન' સમયે રજુ કરવાના રહેશે. ઉમેદવારની યોગ્યતા નક્કી કરવાના અંતિમ નિર્ણયની સત્તા હાઈકોર્ટને રહેશે.

(૪) પસંદગી પામેલ ઉમેદવારે ફરજીયાત પ્રમાણે હાઈકોર્ટે નક્કી કરેલ ધારા–ધોરણ મુજબ મેડીકલ ઓથોરિટી પાસે મેડીકલ ટેસ્ટ પાસ કરવો પડશે. જ્યાં સુધી હાઈકોર્ટ દ્વારા નક્કી

કરેલ તબીબી સત્તાધિકારી(મેડીકલ ઓથોરિટી) દ્વારા ઉમેદવારની યોગ્યતા પ્રમાણિત કરવામાં ન આવે ત્યાં સુધી પસંદગી પામેલ ઉમેદવારને નિમણુંક અથવા નિમણુંક પામેલ ઉમેદવારને લાંબા ગાળાની સેવાઓ માટે યોગ્ય ગણવામાં આવશે નહીં, જેની ખાસ નોંધ લેવી.

(૫) જે ઉમેદવારોએ ઓનલાઈન અરજી કન્ફર્મ કરી હશે અને નિયત ફી ભરી હશે તે ઉમેદવારોને જ હેતુલક્ષી પરીક્ષા માટે યોગ્ય ગણવામાં આવશે.

(૬) ઉમેદવારની યોગ્યતા અથવા કોઈપણ પરીક્ષામાં બેસવા/આપવા દેવા માટે હાઈકોર્ટનો નિર્ણય આખરી ગણાશે. જે ઉમેદવારોને હાઈકોર્ટ સત્તામંડળ દ્વારા 'પ્રવેશપત્ર/કોલલેટર' ઈસ્યુ કરવામાં ન આવે તેમને પરીક્ષામાં બેસવા/આપવા દેવામાં આવશે નહીં.

(૭) હાઈકોર્ટ દ્વારા નક્કી કરવામાં આવે તે સ્થળે અને સમયે, જે તે પરીક્ષામાં હાજર રહેવા, ઉમેદવારે સ્વખર્ચે આવવા-જવાનુ રહેશે.

(૮) ઉમેદવારે ઓનલાઈન અરજીનો નંબર, કન્ફર્મેશન નંબર અને જન્મતારીખના આધારે ઓજસ વેબસાઈટ **https://hc-ojas.guj.nic.in** ના માધ્યમથી પરીક્ષા માટેનો પ્રવેશપત્ર/કોલલેટર, જે તે પરીક્ષાની તારીખના એક અઠવાડીયા/સપ્તાહ અગાઉ ડાઉનલોડ કરી તેની પ્રિન્ટ પોતાની પાસે રાખવાની રહેશે તેમજ ઉમેદવારના ઓનલાઈન અરજીમાં દર્શાવેલ **મોબાઈલ નંબર ઉપર SMS દ્વારા** જાણ કરવામાં આવશે.

(૯) યોગ્ય ઉમેદવારોની યાદી હાઈકોર્ટ વેબસાઈટ તથા ઓજસ પોર્ટલ ઉપર જે તે સમયે મૂકવામાં આવશે.

**નોંધઃ** જે તે પરીક્ષાનો કોલલેટર જે તે પરીક્ષાની તારીખ સુધી જ ડાઉનલોડ કરી શકાશે, જેની ખાસ નોંધ લેવી.

(૧૦) ઉમેદવારે જે તે પરીક્ષા વખતે **પ્રવેશપત્ર/કોલલેટર અને નીચે પૈકી કોઈપણ એક ઓરીજનલ ઓળખકાર્ડ** તેમજ તેની એક નકલ લઈને આવવાનુ રહેશે.

- ચૂંટણી કમિશ્નર દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ ચૂંટણીકાર્ડ
- પાનકાર્ડ

- ડ્રાઈવીંગ લાઈસન્સ
- આધારકાર્ડ
- પાસપોર્ટ
- સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડા તરફથી ઈસ્યુ કરવામાં આવેલ ઓળખકાર્ડ

(૧૧) ઉમેદવારે **મોબાઈલ/સેલફોન, ટેબ્લેટ્સ, લેપટોપ, મોટી બેગ્સ, યાંત્રિક ઉપરકણો કે અન્ય મટીરીયલ્સ** લઈ પરીક્ષા કેન્દ્રના કેમ્પસમાં પ્રવેશ કરવાની સખ્ત મનાઈ છે.

(૧૨) જો કોઈ ઉમેદવાર પરીક્ષાના સમયગાળા દરમિયાન કોઈ **ગેરવાજબી પ્રવૃત્તિ** જેવી કે **ચોરી કરવી કે ગેરવર્તન કરવુ કે યાંત્રિક ઉપકરણો તેમજ મોબાઈલનો ઉપયોગ કરવો, પ્રશ્નપત્ર/ઉત્તરવહી સાથે ચેડા કરવા કે જે તે પરીક્ષા સાથે સબંધિત હોય તેવી કોઈપણ વ્યક્તિની મદદ લેવી કે અન્ય કોઈ અનધિકૃત પ્રવૃત્તિ** કરતા જણાશે, તો તે ઉમેદવારને જે તે તબક્કે જ અથવા ચોક્કસ વર્ષ માટે અથવા કાયમી ધોરણે જે પૈકી હાઈકોર્ટ દ્વારા જે નક્કી કરવામાં આવે તે મુજબ ગેરલાયક ઠરાવવામાં આવશે.

**<u>નોંધઃ</u> હેતુલક્ષી પ્રકારની લેખિત પરીક્ષામાં કોઈપણ ઉમેદવારે પોતાના કે અન્યના પ્રશ્નપત્રમાં જવાબ દર્શાવતી કોઈપણ પ્રકારની નિશાની કરવી નહીં.**

(૧૩) ભરતી પ્રક્રિયાના અંતે જે તે પરીક્ષામાં મેળવેલ ગુણ હાઈકોર્ટના OJAS પોર્ટલ https://hc-ojas.guj.nic.in ના માધ્યમથી પોતાના માર્કસ મેળવી/જાણી શકશે.

**<u>નોંધઃ</u>** આ માટે ઉપર્યુક્ત OJAS પોર્ટલના ઉપયોગ દરમિયાન, દરેક ઉમેદવારને તેઓના રજીસ્ટર્ડ મોબાઈલ નંબર ઉપર મોકલવામાં આવેલ OTP(One Time Password) નો ઉપયોગ કરવાનો રહેશે.

(૧૪) ઉમેદવાર પરીક્ષામાં **સફળ થવા માત્રથી જ નિમણૂંક મેળવવા હકદાર બનશે નહીં.**

(૧૫) ઉમેદવારોની જે તે યાદી(લીસ્ટ) માટે યોગ્ય પદ્ધતિ અપનાવવાની હાઈકોર્ટને આખરી સત્તા રહેશે.

(૧૬) જ્યારે હોઈકોર્ટ દ્વારા પ્રમાણપત્ર ચકાસણી/ડોક્યુમેન્ટ વેરીફીકેશન માટે બોલાવવામાં આવે ત્યારે નિયત કરેલ જગ્યાએ ઉમેદવારની સહી દર્શાવતી **ઓનલાઈન અરજીની પ્રિન્ટઆઉટ** અને ફી ભર્યા અંગેની જરૂરી 'e-receipt/ કેશ ચલણ/ફી ભર્યા અંગેનો

પુરાવો' ની કોપી સાથે નીચે જણાવ્યા મુજબના **જરૂરી અસલ પ્રમાણપત્રો** તથા **તે પ્રમાણપત્રોની** પ્રમાણિત કરેલ નકલોનો એક સેટ, નીચે મુજબ ક્રમમાં ગોઠવી ઉપસ્થિત થવાનુ રહેશે.

(ક) તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો **ફોટો,**

(ખ) **શાળા છોડ્યા અંગેનુ પ્રમાણપત્ર** અથવા જન્મ અને મરણ નોંધણી અધિનિયમ હેઠળ ઈસ્યુ કરવામાં આવેલ **જન્મ અંગેનુ પ્રમાણપત્ર,**

(ગ) જરૂરી ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત અંગેનુ માન્ય બોર્ડ તરફથી આપવામાં આવેલ **ગુણપત્રક/પ્રમાણપત્ર.** આ ઉપરાંત વધારાની લાયકાત ધરાવતા હોય તો તે અંગેના નિર્ણાયક વર્ષ/છેલ્લા વર્ષના ગુણપત્રક(માર્કશીટ)/**પ્રમાણપત્રો** ક્રમમાં ગોઠવવા.

(ઘ) ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩-૦૮-૨૦૦૮ ના ઠરાવ મુજબ **કોમ્પ્યુટર જ્ઞાન** ધરાવતા હોવા અંગેનુ પ્રમાણપત્ર,

(ચ) માન્ય લાઇટ અને/અથવા હેવી મોટર ડ્રાઇવીંગ લાઇસન્સ (ઓછામાં ઓછુ ત્રણ વર્ષ જુનુ),

(છ) **ડ્રાઇવીંગના અનુભવ** અંગેનુ પ્રમાણપત્ર [Para 3 (ક) (૩) મુજબ],

(જ) **અનુ.જાતિ/અનુ.જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના** ઉમેદવારોના કિસ્સામાં **જાતિ અંગેનુ પ્રમાણપત્ર** (કાસ્ટ સર્ટીફિકેટ) તથા સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ (સા.અને શૈ.પ.વર્ગ) ના ઉમેદવારોના કિસ્સામાં ગુજરાત રાજ્યના સક્ષમ સત્તામંડળ દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ **ચાલુ નાણાંકીય વર્ષ માટે માન્ય નોન-ક્રિમીલેયર સર્ટીફિકેટ,**

(ઝ) જો ઉમેદવાર સામે કોઇ ફોજદારી કે અન્ય કોઇ કેસ દાખલ કરવામાં આવેલ હોય, તો તે અંગેના જરૂરી એવા તમામ અધિકૃત દસ્તાવેજો જેવા કે **એફ.આઇ.આર./ ચાર્જશીટ/જજમેન્ટ વિગેરેની પ્રમાણિત નકલો** રજૂ કરવી. (જો ઉમેદવાર સામે કોઇ કેસ થયેલ હશે અને ઉમેદવાર જાહેર નહીં કરે, તો જ્યારે પણ ધ્યાન

ઉપર આવશે ત્યારે ઉમેદવારની **ઉમેદવારી/નિમણૂક રદ કરી કાયદેસરની સખ્ત કાર્યવાહી હાથ ધરવામાં આવશે,** જેની દરેક ઉમેદવારે નોંધ લેવી.)

(ટ) **માજી સૈનિક** ઉમેદવારે **ઓળખકાર્ડ** તેમજ સબંધિત તમામ **પ્રમાણપત્રો/ દસ્તાવેજો,**

(ઠ) રાજ્ય/કેન્દ્ર સરકારના ખાતામાં કામ કરતા કર્મચારીના કિસ્સામાં '**ના–વાંધા પ્રમાણપત્ર**',

(ડ) જો નામ કે અટકમાં **ફેરફાર** કરાવેલ હોય તો, તે અંગેના સરકારી રાજપત્ર (ગેઝેટ) ની નકલ,

(ઢ) ડોક્ટર, એન્જીનીયર, એમ.એલ.એ./એમ.પી, રાજપત્રિત અધિકારી (ગેઝેટેડ ઓફિસર) વિગેરે જેવા પ્રતિષ્ઠિત વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ **ચારિત્ર્ય** અંગેના **બે ઓરીજીનલ પ્રમાણપત્રો (છેલ્લા છ મહીનામાં આપવામાં આવેલ હોવા જોઈએ)**

(ણ) નીચે પૈકીનામાંથી કોઈપણ એક **ઓરીજીનલ ઓળખપત્ર અને તેની નકલઃ**

- ચૂંટણી કમિશ્નર દ્વારા ઇસ્યુ કરવામાં આવેલ ચૂંટણીકાર્ડ,
- પાનકાર્ડ,
- ડ્રાઈવીંગ લાઈસન્સ,
- આધારકાર્ડ,
- પાસપોર્ટ,
- સરકારી કર્મચારીના કિસ્સામાં ખાતાના વડા તરફથી ઇસ્યુ કરવામાં આવેલ ઓળખકાર્ડ,

(૧૭) કોઈના નામનો ઉલ્લેખ કરીને કે અન્ય કોઈ રીત નિમણૂંક કે પરીણામ સબંધે કરવામાં આવતી કોઈપણ પ્રકારની **લોભામણી જાહેરાતો/પ્રલોભનો/રજુઆતો** ધ્યાને લેવી નહીં.

(૧૮) ઉમેદવાર કોઈપણ રીતે **ભલામણ–લાગવગ** કરવાનો કે કરાવવાનો પ્રયાસ કરશે તો તેની ઉમેદવારી રદ કરવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.

**૧૧. આર.ટી.આઈ. એક્ટ હેઠળ અરજીઃ**

**સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારની માહિતી માગતી આર.ટી.આઈ. એક્ટ હેઠળની કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહીં.**

**૧૨.** આ ભરતી સબંધિત કોઈપણ બાબતે **નામદાર હોઈકોર્ટનો નિર્ણય આખરી** અને તમામ ઉમેદવારોને **બંધનકર્તા** રહેશે.

**હાઈકોર્ટ ઓફ ગુજરાત,**
**સોલા, અમદાવાદ – ૩૮૦૦૬૦.**
**તારીખઃ ૧૯/૦૨/૨૦૧૮.**

**Sd/-**
**રજીસ્ટ્રાર (રીક્રુટમેન્ટ એન્ડ ફાઈનાન્સ)**

## એનેક્ષરઃ 'એ'

ગુજરાત રાજ્યના જુદા–જુદા જિલ્લાની નીચલી અદાલતોમાં ભરવાની થતી ડ્રાઇવરની ખાલી જગ્યાઓ દર્શાવતુ પત્રકઃ

| અનુ. | જિલ્લાનું નામ/કોર્ટ | કક્ષા/કેટેગરી | | | | |
|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | અનુ.જાતિ | અનુ.જનજાતિ | સા.શૈ.પ.વર્ગ | કુલ |
| ૧ | સિટી સિવિલ કોર્ટ,અમદાવાદ | ૧ | ૦ | ૧ | ૦ | ૨ |
| ૨ | આણંદ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૩ | અરવલ્લી (મોડાસા) | ૧ | ૦ | ૦ | ૧ | ૨ |
| ૪ | ભાવનગર | ૧ | ૧ | ૦ | ૦ | ૨ |
| | ફેમિલીકોર્ટ, ભાવનગર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૫ | ગીર સોમનાથ (વેરાવળ) | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૬ | ફેમિલી કોર્ટ, જામનગર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૭ | ફેમિલી કોર્ટ, જુનાગઢ | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૮ | કચ્છ (ભુજ) | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૯ | મહેસાણા | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૦ | મોરબી | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| ૧૧ | ફેમિલી કોર્ટ, પંચમહાલ (ગોધરા) | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૨ | પોરબંદર | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૩ | ફેમિલી કોર્ટ, સુરત | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૪ | તાપી(વ્યારા) | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| ૧૫ | વડોદરા | ૨ | ૦ | ૦ | ૦ | ૨ |
| | ફેમિલી કોર્ટ, વડોદરા | ૧ | ૦ | ૦ | ૦ | ૧ |
| કુલ | | ૨૧ | ૧ | ૧ | ૧ | ૨૪ |